




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૫૨ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ અગિયારસ, સોમવાર ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૪+૮ કિંમત ₹ ૫.૦૦


# દિલ્હીમાં બિલ્ડીંગ તૂટી પડતા 5નાં મોત, ઘણાં ફસાયા

**સત્ય** નિકેતન વિસ્તારની ગીચ ગલીમાં આવેલી પાંચ માળની ઇમારત વરસાદ વચ્ચે તૂટી પડી

**આ ઇમારત** બોયઝ હોસ્ટેલ તરીકે વપરાતી હતી, મૃતકોમાં ત્રણ વિદ્યાર્થી, પાંચની હાલત ગંભીર

**કાટમાળ** હેઠળ 40થી 50 જણા ફસાયા હોવાનો દાવો, ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ અપાયો

**નવી દિલ્હી, 6 (PTI):** દિલ્હી યુનિવર્સિટીના સાઉથ કેમ્પસ નજીક સત્ય નિકેતનની ગીચ ગલીમાં આવેલી, બોયઝ હોસ્ટેલ ધરાવતી આશરે 50 વર્ષ જૂની પાંચ માળની ઈમારત રવિવારે બપોરે ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં પાંચ વિદ્યાર્થીઓનાં મોત થયા છે અને ઘણા લોકો ફસાયેલા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રીએ ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે. પોલીસે જણાવ્યું કે અત્યાર સુધીમાં કાટમાળમાંથી આઠ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે, જેમાંથી બે લોકોને હોસ્પિટલ પહોંચાડતા જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે ત્રીજાનું સારવાર દરમિયાન મોત થયું હતું. પાંચ લોકોની હાલત ગંભીર છે. સ્થાનિકોએ દાવો કર્યો હતો કે બેઝમેન્ટ અને પાંચ ઉપરના માળ ધરાવતી આ ઈમારતના કાટમાળ નીચે હજુ પણ 40 થી 50 લોકો ફસાયેલા છે. જો કે, સત્તાવાળાઓ દ્વારા ફસાયેલા લોકોનો ચોક્કસ આંકડો આપવામાં આવ્યો નથી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ માળખું પેઈંગ ગેસ્ટ(PG) વસવાટ તરીકે વપરાતું

...અનુસંધાન પાના 13 પર






### ABVP દ્વારા MCD ઓફિસમાં તોડફોડ, 15 વિદ્યાર્થીઓની અટકાયત

દિલ્હીમાં સત્ય નિકેતનની ઇમારત ધરાશાયી થયા બાદ વિદ્યાર્થી સંગઠનોએ ગુસ્સો વ્યક્ત કર્યો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ના સભ્યોએ સિવિક સેન્ટરમાં MCD ઓફિસ પર

...અનુસંધાન પાના 13 પર

### કાટમાળ નીચે ફસાયેલા લોકો મદદ માટે ફોન કરી રહ્યા છે

ઇમારત ધરાશાયી થવાની ઘટનામાં સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, કાટમાળ નીચે આશરે 30 થી 50 વિદ્યાર્થીઓ ફસાયા હોવાની આશંકા છે. દુર્ઘટનામાં સૌથી મહત્વની અને કરૂણ વિગત એ

...અનુસંધાન પાના 13 પર

### ઇમારતનું રિનોવેશન ચાલતું હતું, બેઝમેન્ટમાં પાણી ભરાઇ ગયું હતું

દક્ષિણ-પશ્ચિમ દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં પીજી તરીકે ઉપયોગમાં લેવાતી પાંચ માળની ઇમારત ધરાશાયી થયા પછી, સ્થાનિક લોકોએ રવિવારે સતત પાણી ભરાવા, અવિરત બાંધકામ

...અનુસંધાન પાના 13 પર

### અહીંની ઇમારતો જર્જરિત, MCD પણ નિરીક્ષણ કરતું નથી : સ્થાનિકો

એક સ્થાનિક રહેવાસીએ કહ્યું કે તેઓ નવા શૈક્ષણિક વર્ષ દરમિયાન ફક્ત ઇમારતોને રંગ કરે છે, તો આપણે કેવી રીતે જાણી શકીએ કે કોઈ ઇમારત જર્જરિત છે? એમસીડી કોઈ નિરીક્ષણ કરતું

...અનુસંધાન પાના 13 પર

### એક બેડ માટે વિદ્યાર્થીઓ પાસે રૂ. 12000 લેવાતા હતા

એક સ્થાનિક નાગરિક રાજેન છેત્રીએ જણાવ્યું કે આ ઇમારતમાં આશરે 15 રૂમ હતા અને દરેક રૂમમાં બે થી ત્રણ વિદ્યાર્થીઓ રહેતા હતા. છેત્રીએ કહ્યું, "અહીં રહેતા મોટાભાગના વિદ્યાર્થીઓ

...અનુસંધાન પાના 13 પર

રશિયા પર નિયંત્રણ અને નબળી અમેરિકી નિકાસનો લાભ

## ભારત યુરોપના મહત્વના ડીઝલ સપ્લાયર તરીકે ઉભર્યું

**ઓગસ્ટમાં** બાબ-અલ-મંદેબના માર્ગે યુરોપ જતાં કુલ ડીઝલમાં ૬૦ ટકા હિસ્સો ભારતનો રહ્યો

**નવી દિલ્હી, તા. 6 (PTI):** રશિયાની નિકાસ પર ભારે પ્રતિબંધો અને અમેરિકી શિપમેન્ટ નબળી થવાની શરૂઆત વચ્ચે, ભારત યુરોપ માટે ડીઝલનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત બનીને ઉભર્યું છે. ઈંધણો અને નૂરભાડા સંબંધિત રિયલ-ટાઇમ ડેટા અને એડવાન્સ્ડ એનાલિટિક્સ આપતી કંપની 'વોર્ટેક્સા'ના ડેટા મુજબ, ઓગસ્ટ મહિનામાં બાબ-અલ-મંદેબ થઈને યુરોપ જતાં કુલ ઈંધણમાંથી આશરે ૬૦ ટકા હિસ્સો ભારતે પૂરો પાડ્યો હતો.

વોર્ટેક્સાના એક રિપોર્ટ અનુસાર, માર્ચ અને એપ્રિલમાં આ મહત્વના શિપિંગ રૂટ પરનો પ્રવાહ લગભગ અટકી ગયા પછી, ઓગસ્ટમાં યુરોપ તરફ જતાં જહાજો દ્વારા દરરોજ આશરે ૨,૦૦,૦૦૦ બેરલ ડીઝલ(ગેસોઇલ) બાબ-અલ-મંદેબમાંથી પસાર થયું હતું, જે ગયા વર્ષના સ્તરની નજીક છે. આ જથ્થામાંથી અંદાજે ૬૦ ટકા હિસ્સો ભારતે પૂરો પાડ્યો હતો, જેના કારણે ભારતીય રિફાઇનરીઓ યુરોપના પૂર્વના ડીઝલ પુરવઠા માટે વધુને વધુ મહત્વપૂર્ણ સ્ત્રોત બની રહી છે.

ભારત વાર્ષિક ૨૫૮.૧ મિલિયન ટનની સ્થાપિત ક્ષમતા સાથે વિશ્વની ચોથી સૌથી મોટી રિફાઇનરી ધરાવતો દેશ છે, જે દેશની ઘરેલુ ઈંધણની માંગ કરતાં ઘણી વધારે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬(એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬) દરમિયાન, ભારતે ૬૧.૫ મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કરી હતી, જે તેને વૈશ્વિક સ્તરે રિફાઇન્ડ પ્રોડક્ટ્સના સૌથી મોટા નિકાસકારોમાંના એક બનાવે છે. આ ઈંધણ હવે યુરોપ

...અનુસંધાન પાના 13 પર

## રશિયાની મુલાકાત પતાવી યુક્રેન પહોંચેલા અમેરિકી દૂતો ઝેલેન્સ્કીને મળ્યા

**કિવમાં** ઝેલેન્સ્કીને મળ્યા પછી સ્ટીવ વિટકોફે મંત્રણાને પ્રોત્સાહક ગણાવી

**મોસ્કોની** શનિવારની પુતિન સાથેની મંત્રણામાં ખાસ સફળતા નહીં મળી હોવાના સંકેતો

**કીવ, તા. 6 (AP).** યુક્રેન પર રશિયાના પૂર્ણ-સ્તરના આક્રમણના 4 વર્ષથી વધુ સમય પછી શાંતિ માટેના નવા પ્રયાસોના ભાગરૂપે



અમેરિકી દૂતો સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નરે રવિવારે કીવની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાતે વાટાઘાટો કરી હતી. અમેરિકી દૂતોની આ મુલાકાત શનિવારે મોસ્કોમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથેની બેઠક પછી યોજાઈ છે. અમેરિકી દૂતો ટ્રેન દ્વારા પહોંચ્યા હતા અને યુક્રેનની રાજધાનીના સ્ટેશન પર ઉચ્ચ કક્ષાના યુક્રેનિયન અધિકારીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું, જે પછી સેન્ટ સોફિયા સ્ક્વેર ખાતે એક સમારોહમાં ઝેલેન્સ્કી તેમને મળ્યા હતા. જાહેરમાં બોલવાની મંજૂરી ન હોવાથી નામ ન આપવાની શરતે એક વરિષ્ઠ યુક્રેનિયન અધિકારીએ રવિવારે બપોરે જણાવ્યું હતું કે અમેરિકી અધિકારીઓ સાથે બે રાઉન્ડની ચર્ચા થઈ છે અને ફ્રેંચ, જર્મન અને યુકેના પ્રતિનિધિઓ સાથે ત્રીજી બેઠકનું આયોજન કરવામાં

...અનુસંધાન પાના 13 પર

## ટ્રમ્પની ચીનમાં જિનપિંગ-પુતિન સાથે ત્રિપક્ષીય બેઠકની સંભાવના

**મોસ્કોએ** રશિયા, યુએસ અને ચીનના રાષ્ટ્રપતિઓ વચ્ચે ત્રિપક્ષીય બેઠકની શક્યતા નકારી નથી : રશિયન નાયબ વિદેશ પ્રધાન

**વોશિંગ્ટન, તા. 06 :** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પગલે ચાલીને ટૂંક સમયમાં ચીનના શેનઝેનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે ત્રિપક્ષીય બેઠક કરી શકે છે. રશિયાએ એમ પણ કહ્યું છે કે આ મુદ્દા પર સમજૂતી થયા પછી તે આવી બેઠકનો વિરોધ કરશે નહીં. અગાઉ, બિશ્કેકમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન, પીએમ મોદીએ પુતિન અને જિનપિંગ સાથે એકસાથે મુલાકાત કરી હતી. આ બેઠકની ચર્ચા વિશ્વભરમાં થઈ હતી.

રશિયન નાયબ વિદેશ પ્રધાન સેરગેઈ ર્યાબકોવે રવિવારે જણાવ્યું હતું કે મોસ્કોએ રશિયા, યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીનના રાષ્ટ્રપતિઓ વચ્ચે ત્રિપક્ષીય બેઠકની શક્યતાને નકારી નથી, એમ રાજ્ય સમાચાર એજન્સી TASS એ અહેવાલ આપ્યો છે. જોકે, ર્યાબકોવે કહ્યું કે વાસ્તવિક તૈયારીઓ તરફ આગળ વધતા

...અનુસંધાન પાના 13 પર

## વિશ્વ મેપમાં કાશ્મીર-લદાખને સત્તાવાર નકશા મુજબ દર્શાવો : વિદેશ મંત્રાલય

**નવા** નકશાને મંજૂરી આપતા યુએનના ઠરાવને ટેકો આપ્યા બાદ ભારતની મહત્વની સ્પષ્ટતા

**કાશ્મીર**-લદાખ મામલે કોઇ પણ ખોટી કે ગેરમાર્ગે દોરતી રજૂઆત ભારતને અસ્વીકાર્ય રહેશે

**નવી દિલ્હી, તા. 6:** ભારતે રવિવારે જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રો (UN)ની પહેલ હેઠળ પ્રસ્તાવિત વિશ્વનો નકશો જમ્મુ અને કાશ્મીર તથા લદાખના કેન્દ્રશાસિત પ્રદેશોને દેશના સત્તાવાર નકશા અનુસાર દર્શાવતો હોવો જોઈએ, અને કોઈપણ અચોક્કસ અથવા ગેરમાર્ગે દોરતી રજૂઆત અસ્વીકાર્ય રહેશે.

નવી દિલ્હીનો આ દાવો UN સામાન્ય સભાના એ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યાના બે દિવસ પછી આવ્યો છે, જેનો ઉદ્દેશ્ય ખંડીય જમીનના વિસ્તારની વધુ સચોટ રજૂઆતને પ્રોત્સાહન આપવા માટે વિશ્વના નકશામાં સુધારો કરવાનો છે. કરેક્ટ ધ મેપ: રીબેલેન્સિંગ ગ્લોબલ કાર્ટોગ્રાફિક રિપ્રેઝન્ટેશન એન્ડ પ્રમોટિંગ ઈક્વિટેબલ રિપ્રેઝન્ટેશન ઓફ ધ વર્લ્ડ્સ રીજન્સ, પર્ટીક્યુલરલી આફ્રિકા શીર્ષક ધરાવતો આ પ્રસ્તાવ ૪ સપ્ટેમ્બરે મંજૂર કરવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે એ વાત પર ભાર મૂક્યો હતો કે આ પ્રસ્તાવ કોઈ ચોક્કસ નકશા, પ્રોજેક્શન અથવા રાષ્ટ્રીય સીમાઓની રજૂઆતને સમર્થન આપતો નથી. તેમણે કહ્યું, ભારતે પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું અને વોટની સ્પષ્ટતા કરતા સમાન-વિસ્તાર વાળા કાર્ટોગ્રાફિક

...અનુસંધાન પાના 2 પર

## બાંગ્લાદેશની જેલમાં બંધ હિન્દુ નેતાના જામીન મંજૂર

**ઢાકા, તા. 6 (PTI).** બાંગ્લાદેશની હાઈકોર્ટે રવિવારે જેલમાં બંધ હિન્દુ અધિકાર નેતા ચિન્મય કૃષ્ણ દાસને વધુ બે કેસમાં જામીન મંજૂર કર્યા છે, પરંતુ તેમના અન્ય કેસમાં પણ આરોપોનો સામનો કરવો પડી રહ્યો હોવાથી તેમની મુક્તિ થવાની શક્યતા ઓછી છે. એમ સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે. દાસને ગયા મહિને તોડફોડ, હુમલો અને સરકારી ફરજમાં અડચણ ઊભી કરવા સંબંધિત બે કેસમાં પણ જામીન આપવામાં આવ્યા હતા. હિન્દુ સાધુની નવેમ્બર 2024માં રાષ્ટ્રીય ધ્વજનું કથિત રીતે અનાદર કરવાના દેશદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, જેનાથી વિરોધ પ્રદર્શનો અને કોમી તણાવ ઊભો થયો હતો.

## બિહારમાં પૂરની સ્થિતિ વણસી: 19 લાખથી વધુ લોકો અસરગ્રસ્ત

**રાજ્યમાં** અનેક નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે, 11 જિલ્લાઓમાં પૂરની અસર

**ઉત્તર** પ્રદેશમાં ગંગા, વરૂણા, શારદા નદીના જળસ્તરમાં ઘટાડો, છતાં નીચાણવાળા સ્થળોએ પૂર જેવી સ્થિતિ

**પટના, તા. 6 (PTI):** બિહારના 11 જિલ્લાઓમાં 19 લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે, જેમાં અધિકારીઓએ પટનાના ગાંધી



ઘાટ ખાતે ગંગા નદી જળસપાટી ભયજનક સપાટી વટાવી ગયા બાદ નીચાણવાળા વિસ્તારોમાં એલર્ટ જારી કર્યું છે, તેમ રવિવારે અધિકારીઓએ જણાવ્યું હતું. ગંગા નદીની જળસપાટી ભારે વરસાદને કારણે પટનાના ગાંધી ઘાટ પર તેની 'સૌથી ઉંચા ફ્લડ લેવલ' પર પહોંચી જતાં રાજ્યની રાજધાનીના હાથીદાહ અને તે પછીના ગેજ સ્ટેશનો પર આગામી એકથી ત્રણ દિવસમાં

...અનુસંધાન પાના 13 પર

### હવામાન

તા. ૦૬-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૬૮૪ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૫.૩૯ ફૂટ | આઉટફ્લો ૬૧૯૧ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.૨ સે. | ૨૬.૬ સે. | ૭૮% |

## શેરબજારના નવા નિયમ : NSE પર પ્રી-ઓપન સેશન આજથી અલગ હશે

**સવારે** 9.00થી 9.15 વાગ્યાના પ્રિ ઓપન સેશનને વિવિધ તબક્કામાં વહેંચવામાં આવ્યું

**મુંબઈ, તા. 06 :** આવતીકાલે સોમવારથી શેરબજારમાં મોટો ફેરફાર થવાનો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) સાતમી સપ્ટેમ્બરથી તેના પ્રી-ઓપન સત્ર માટે સુધારેલા નિયમો લાગુ કરશે. સત્રનો સમય તો એ જ રહેશે, પણ સવારે 9 થી 9:15 વાગ્યા સુધીનું પ્રી ઓપન સેશન પૂર્ણ બદલાશે. નવા માળખા હેઠળ , ઓર્ડર-એન્ટ્રી સમયગાળાને તબક્કાવાર રીતે વિભાજિત કરવામાં આવશે, બીજા તબક્કા દરમિયાન બજાર ઓર્ડર મર્યાદિત રહેશે. આ ફેરફારો સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા ઈક્વિટી

...અનુસંધાન પાના 13 પર


